નશાબંધી અમલીકરણ(એન્ફોર્સમેન્ટ)ની કામગીરી
નશાબંધી અને આબકારી ખાતા પાસેથી પરત લઈ
પોલીસ ખાતાને સોપવા બાબતે.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ–નશઘ/૧૦૨૦૦૬/૧૬૪૮/ઈ.૧.
સચિવાલય,ગાંધીનગર
તારીખઃ– ૨૫ /૭/૨૦૦૬.

**આ મુ ખ :–**

ગુજરાત રાજયના અસ્તિત્વથી તા.૩૦/૪/૯૭ સુધી નશાબંધી અમલીકરણની કામગીરી ગૃહ વિભાગ નીચેના પોલીસ ખાતા ધ્વારા કરવામાં આવતી હતી. તા.૩૦/૪/૯૭થી આ કામગીરી માટે નશાબંધી અને આબકારી ખાતુ અલગથી ઉભું કરવામાં આવેલ. આ કામગીરી નશાંબઘી અને આબકારી ખાતા પાસેથી પરત લઈને પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર હસ્તક મૂકવાની બાબત કેટલાક સમયથી સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી. આ અંગે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ નિર્ણય લેવામાં આવે છે.

**ઠ રા વ :–**

નશાબંધી અને આબકારી ખાતા પાસેથી નશાબંધી અમલીકરણ (એન્ફોર્સમેન્ટ)ની સમગ્ર કામગીરી પરત લઈને તાત્કાલીક અસરથી પોલીસમહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય,ગાંધીનગર હસ્તક મૂકવામાં આવે છે.પોલીસ ખાતા ધ્વારા દારૂબંધીને લગતા ગુન્હા શોધવા તથા તેના પર તપાસ કરવી,દરોડા પાડવા,ધરપકડ કરવી,મુદ્દા માલ જપ્ત કરવો, અને કોર્ટમાં કેસો મૂકવા વગેરેની કામગીરી તાત્કાલીક અસરથી પોલીસ ખાતા હેઠળના મહેકમ ધ્વારા કરવાની રહેશે. ~~આ માટે નીચે મુજબની કામગીરી કરવાની રહેશે~~.

ઉપર્યુકત તબદીલીને કારણે નીચે મુજબની કામગીરી તાત્કાલીક અસરથી હાથ ધરવાની રહેશે.

(૧) નશાબંધી ખાતાએ કરેલ કોર્ટ કેસો જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનને સોંપવાના રહેશે.

**(૨ ) મુદ્દામાલની વ્યવસ્થા(સોંપણી ):–**

નશાબંધી ખાતાએ વિદેશી,દેશી દારૂ વાહનો સહીત જુદા જુદા પ્રકારનો કુલ–૩,૪૧,૨૬,૧૮,૩૯૨ નો તા.૩૦/૪/૨૦૦૬ની સ્થિતિએ મુદ્દામાલ હસ્તગત કરેલ છે. આવા મુદ્દામાલની પણ પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગર મારફત જે તે સબંધીત પોલીસ અધિક્ષક/ પોલીસ કમિશનરને સોપણી કરવાની રહશે.

(૩) નશાબંધી ખાતા હસ્તકની ખાનગી ભાડાના મકાનમાં બેસતી જીલ્લા/ પ્રોહીબીશન સ્ટેશન કચેરીઓને સંબધીત પોલીસ અધિક્ષક/પોલીસ કમિશનર હસ્તક મૂકવાની રહેશે.

(૪) નશાબંધી અમલીકરણની તથા આબકારીની કામગીરી માટે ઉપયોગમાં લેવાતા કુલ–૧૩૪ જેટલા વાહનો પૈકી જિલ્લા નશાબંધી અધિક્ષકો તથા આનુસંગીક કામગીરી અને હેડ ઓફીસના ઉપયોગ સારુ જરુરિયાત પુરતા નોર્મ્સ મુજબના વાહનો રાખી બાકીના વાહનો પોલીસ મહાનિર્દેશકશ્રીના નિયંત્રણ હેઠળ નશાબંધી અમલીકરણની કામગીરી સારુ યોગ્ય ફાળવણી માટે પરત કરવાના રહેશે.

(૫) નશાંબધી અમલીકરણની કામગીરી પોલીસ તંત્ર સાથે મર્જ થતાં ૬૯ પ્રોહી.સ્ટેશનો તાત્કાલીક અસરથી રદ કરવાના થશે. અને પ્રોહી.સ્ટેશનો હેઠળનું પ્રતિનિયુકિતના કામગીરી કરતુ. સઘળું મહેકમ પોલીસ મહાનિર્દેશકશ્રીના હવાલે મૂકવાનું રહેશે.

(૬) ટેલીફોન,કોમ્પ્યુટર,ફર્નિચર,હથિયારોની સોંપણી અંગેની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

ઉપર્યુકત ક્રમાંકઃ૧ થી ૬ માં દર્શાવેલ મુદ્દાઓ સબંધે પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય,ગાંધીનગરે મહેકમ,વાહનો,કોર્ટ કેસો, પ્રોહી.પોલીસ સ્ટેશનો અને અન્ય અસ્કયામતોનો કબજો તાત્કાલીક અસરથી સંભાળી લેવાનો રહેશે.

આબકારી ખાતાની મહંદઅંશે કામગીરી કાયદાકીય (જુદા જુદા એકટસ અને નિયમો) ઉપરાંત ટેકનીકલ પ્રકારની હોઈ,આબકારી ખાતાનું હાલનું મહેકમ ગૃહ વિભાગના સીધા નિયંત્રણ હેઠળ મૂકવામાં આવે છે.નશાબંધી અમલીકરણની કામગીરી પોલીસ તંત્ર (ડી.જી.પી.)સાથે મર્જ થતાં આબકારી ખાતાને અલગ ખાતાના વડા તરીકે જાહેર કરવામાં આવે છે.

આબકારી વિભાગની કામગીરી માટે અન્ય હૂકમ ન થાય ત્યાં સુધી શ્રી આર.એમ.એસ. બ્રાર(આઈ.પી.એસ.) આબકારી ખાતાના કમિશનર તરીકેની કામગીરી સંભાળશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની તા.૨૧/૭/૨૦૦૬ની નોંધથી મળેલ સહમતીથી રવાના કરવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(અરવિંદ પુરોહિત)
ઉપ સચિવ,
ગૃહ વિભાગ,
૨૫/૭/૨૦૦૬

પ્રતિ,
– નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી,
– માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
– માન.રાજયકક્ષાના મંત્રીશ્રી(નશાબંધી )ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
– પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,પોલીસ ભવન,ગાંધીનગર.

– કમિશનર અને  અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી,નશાબંધી અને આબકારી ખાતુ,ગુ.રા.અમદાવાદ.
– સર્વે પોલીસ કમિશનરશ્રી / જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી.
– સર્વે રેન્જ પોલીસ ઈન્સ્પેકટર જનરલ શ્રી.
– સર્વે જીલ્લા નશાબંધી અને આબકારી અધિક્ષકશ્રીઓ.
– સચિવાલયના સર્વે વિભાગો.
– એકાઉન્ટ જનરલશ્રી અમદાવાદ /રાજકોટ .
– પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ / ગાંધીનગર.
– સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ / જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
– સર્વે તિજોરી અધિકારીશ્રીઓ.
– નિવાસી ઓડીટ અધિકારીશ્રી અમદાવાદ.
– નાયબ સેકશન અધિકારી,સીલેકશન ફાઈલ/ સીલેકટ ફાઈલ.